તારાંકિત પ્રશ્ન　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1878

વિષયઃ

રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની ખાલી જગ્યાઓ

| સૂચના મળ્યાની તારીખઃ 19/01/2024 | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 10/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 25/01/2024 |
|---|---|---|

*15/4/1878　　　શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ જણાવવા કૃપા કરશે કેઃ-

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૮૦૮ (અગ્રતા-૧૦૮)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી કોલેજોમાં વર્ગ-૨ની ૪૪૭ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી કોલેજોમાં વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----